# ગાંધીનગરમાંથી વધુ પાંચ કેસ ડેન્ગ્યુના મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના વધુ પાંચ કેસ નોંધાયા છે જે પૈકી ૩ દર્દીઓ ગાંધીનગર સિવિલમાં તથા બે દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસો ઝડપથી વધી રહ્યા હોવાથી તંત્રએ પણ તેની કામગીરીને વધુ ગતિશીલ બનાવી દીધી છે. શહેરના સે. ૨૧, ૨, ૭ અને ૧૩માંથી આ કેસો મળી આવ્યાનું જાણવા મળેલ છે. છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્ર આખો દિવસ એન્ટી લારવેલની કામગીરી કરવામાં જ વ્યસ્ત રહે છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ડેન્ગ્યુ સામે શુ સાવચેતીના પગલાં લેવા તે માટે જનજાગૃતિ અભિયાન છેડવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત એક અલાયદો એક્શન પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જેમાં એન્ટી લારવેલની કામગીરીને વધુ સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

આ સપ્તાહ દરમ્યાન ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. જો કે પડોશના જિલ્લાઓની તુલનામાં આ કેસોની સંખ્યા ઓછી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ નોંધાયેલા કેસોમાં ખાસ કરીને બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે સંકળાયેલી વ્યક્તીઓ અથવા તો અપડાઉન કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. તંત્રએ ડેન્ગ્યુ સામે લોક જાગૃતિ ઉભી કરવા માટેનું પણ અલાયદુ અભિયાન છેડવાની વ્યુહરચના વિચારી હોવાનું જાણવા મળેલ છે.

હાલ જે બેવડી ઋતુ જોવા મળી રહી છે તે પણ ડેન્ગ્યુના કેસો માટે જવાબદાર હોવા ઉપરાંત ક્યાંય પણ પાણીનો ભરાવો ના થાય તે જોવા તંત્રએ ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવા ઉપરાંત સીટી સર્વેલન્સની પણ કામગીરી હાથ ધરવાનું વિચારણા હેઠળ છે.

શહેરમાં ડેન્ગ્યુના જે કેસો નોંધાયા છે તેમાં એન.એસ.૧ વધુ જણાયા હોવાનું જાણવા મળેલ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩
સૂર્યાસ્ત : ૬.૦૫

### તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૫ ટકા

### ચિરવિદાય

- સ્વ. ગંગાબેન ગોબરભાઈ દેસાઈ (ઉ.વ. ૭૫) રબારીવાસ, મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રજાપતિ હર્ષાબેન મનુભાઈ (ઉ.વ. ૫૨) પ્રજાપતિવાસ, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દિવાળીબેન ભાનુભાઈ પટેલ (ઉ.વ. ૬૮) પ્લોટ નં. ૪૩૫/૨, સેક્ટર-૧૩/એ, ગાંધીનગર.


# આર્મી કેમ્પમાં કલોરીન ગેસનો ૧૦૦ કીલોનો બાટલો લીક થતા દોડધામ

## ગેસ ગળતર કાબુમાં લેવા જતાં બે ફાયરમેનને અસર : આર્મી કેમ્પના રહેણાંક વિસ્તાર મોડી સાંજે ખાલી કરાવવો પડયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા આર્મી કેમ્પમાં ગઈ કાલે વર્ષોથી પડી રહેલો ૧૦૦ કીલોનો કલોરીન ગેસનો બાટલો લીકેજ થતાં દોડધામ મચી જવા પામી હતી. તાત્કાલીક ધોરણે આર્મી કેમ્પની કેન્ટીન સામેના રહેણાંક કવાટર્સ ખાલી કરાવી દેવામાં આવ્યા હતાં. કૉલને પગલે ગેસ ગળતરને કાબુમાં લેવા આવેલ ફાયર બ્રિગેડના કર્મચારીઓ કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન ગેસની બે ફાયરમેનને અસર થવા પામી હતી. અંતે મોડી રાત્રે અમદાવાદ ફાયરબ્રિગેડે ગેસનો બાટલો પાણીના હોજમાં નાંખીને કાબુ મેળવ્યો હતો.

આર્મી કેમ્પમાં વર્ષો પહેલા કલોરીનેશન માટે વપરાતો કલોરીન વાયુનો ૧૦૦ કિલોનો બાટલો ગઈ કાલે બપોરના અરસામાં એકાએક લીક થઈ જવા પામ્યો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડને આ અંગે જાણ થતા સ્ટાફના માણસો સ્થળ પર દોડી ગયા હતાં. પાણીનો મારો ચલાવીને ગેસ લીકેજને શાંત પાડી દેવાયો હતો જે દરમિયાન બે ફાયરમેનને ગેસની અસર થતા સામાન્ય સારવાર માટે લઈ જવાયો હતો. મોડી રાત્રે ફરીવાર આ ગેસ લીકેજ થતા અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમને બોલાવી લેવામાં આવી હતી અને આસપાસના કવાટર્સમાં રહેતા આર્મીના જવાનો તથા પરિવારોને નુકશાન ન થાય તે માટે કવાટર્સ ખાલી કરાવી દેવાયા હતાં. અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલીક કલોરીનનો બાટલો પાણીના હોજમાં નાંખી દેતા દુર્ઘટના ટળી હતી. કલોરીન ગેસ હવામાં ભળવાથી નુકશાનકારક સાબિત થઈ શકે છે જેથી આખો બાટલો પાણીમાં નાંખી દેવાતા પરિસ્થિતિ કાબુમાં આવી ગઈ હોવાનું અમદાવાદ ફાયર બ્રિગેડના ઓફીસર એમ.એમ. દસ્તુરે જણાવ્યું હતું.



સેક્ટર-૩ ખાતે આવેલ સાંઈ મંદિર ખાતે વિષ્ણુયાગનું આયોજન કરાયું હતું તે પ્રસંગની તસવીર.

# કોલવડા વારાહી માતાના મંદિરે નવકુંડી મહાયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

શ્રી વારાહી કારોબારી સેવા મંડળ તથા સમસ્ત પાટીદાર પરિવાર દ્વારા ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે શ્રી વારાહી માતાજીના મંદિરે તા. ૩, ૪, અને ૫ નવેમ્બર-૨૦૧૨ના રોજ નવકુંડી મહાયજ્ઞ તથા નવકુંડાત્મક પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

કોલવડા ગામે શ્રી વારાહી માતાજીના મંદિર, પાટીદાર વાડી નં. ૨ પાસે તા. ૩ નવેમ્બરે નવકુંડી મહાયજ્ઞ અને નવકુંડાત્મક પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ થશે. ૪થી નવેમ્બરે શોભાયાત્રા સવારે ૯ કલાકે નીકળશે તથા ૫મી નવેમ્બરે વારાહી પરિવાર પ્રાણ પ્રતિષ્ઠા, સાંય પૂજન, મહા આરતી યોજાશે. ફિલ્મ કલાકાર પ્રફુલ્લ હિંગુ દ્વારા ૩જીએ રાત્રે ૮.૩૦ કલાકે લોક ડાયરો, ૪થીએ ભજનનો કાર્યક્રમ અને ૫મીએ રાત્રે ૮.૩૦ કલાકે રાસ-ગરબા મહોત્સવ યોજાશે. કોલવડા મુકામે યોજાનાર આ મહોત્સવમાં ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બાળલગ્નથી પિડીત ૧૬ વર્ષિય કિશોરીનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

## આઠેક વર્ષ અગાઉ લગ્ન થઈ ગયા હતા : સમજણી થયા બાદ પાત્ર પસંદ ન પડ્યું : પ્રથાનું અંજામ પરિવારે દિકરી ગુમાવીને ભોગવવું પડ્યું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીકના મોટી આદરજ ગામની ૧૬ વર્ષની કિશોરીના આઠેક વર્ષ અગાઉ થઈ ગયેલા બાળ લગ્ન બાદ કિશોરી સમજણી થતા તેણીને પાત્ર પસંદ ન આવતા આણુ થયા પહેલા જ પોતાના ખેતરે જઈ ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરી લીધો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પેનલ ડૉક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ કરાવી સઘન તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર પાસેના મોટી આદરજ ગામમાં રહેતી ૧૬ વર્ષીય કિશોરી સુભદ્રાના નાની વયે જ લગ્ન થઈ ગયા હતા. રિવાજ પ્રમાણે સમાજમાં કિશોરીના થયેલા બાળ લગ્ન બાદ તેણીની ઉંમર પુખ્ત થાય ત્યારે આણુ કરીને સાસરે મોકલવામાં આવે. સુભદ્રા સમજણી થઈ ત્યારથી તેને આ પાત્ર પસંદ ન પડ્યું. પોતે ત્યાં જ લગ્ન કરીને જવુ પડશે તેવું મનોમન માની લઈ પરિવારને કાંઈ પણ કહ્યું નહી. આખરે ગઈકાલે કંટાળીને સુભદ્રા ખેતરેથી દવા ગટગટાવીને ઘરે આવી ગઈ. ઘરે પહોંચતા જ તે બેભાન થઈ જતાં પરીવારજનો તેણીને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લી ગયા હતા. પરંતુ ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. પેથાપુર પોલીસને આ બાબતે જાણ થતા પી.એસ.આઈ. બી.કે. પટેલ સ્થળ પર દોડી ગયા હતા અને પેનલ ડૉક્ટર દ્વારા પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# સોની સમાજના અધિકારીઓની ૩૦મીએ બેઠક

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી ઈન્દુભાઈ સોનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે શ્રીમાળી સોની ઓફિસર્સ એસોસીએશનની રચના કરવા માટે ૩૦મી ઓક્ટોબરે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.


સોની સમાજના ગાંધીનગર ખાતેના વિવિધ સરકારી કચેરીઓમાં રાજ્યપત્રિત અધિકારી તરીકે ફરજો બજાવતા સમાજના શિક્ષિત, સફળ અને અનુભવી અધિકારીઓનો લાભ શ્રીમાળી સોની સમાજના ઉત્થાનમાં કેવી રીતે મળી શકે ? તે અંગે ચર્ચા-વિચારણા કરવા અને આ સંદર્ભમાં શ્રીમાળી સોની ઓફિસર્સ એસોસીએશનની રચના કરવા માટે એક બેઠકનું આયોજન ૩૦મી ઓક્ટોબર-૨૦૧૨ને રાત્રે ૮.૩૦ કલાકે મંડળના ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ સોનીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૩૭/૨, સેક્ટર-૩-ડી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. બેઠકમાં સોની સમાજના અધિકારી મિત્રોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.


જોઈએ છે
ફાર્મા કંપનીમાં કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો
ઉંમર : ૧૮ થી ૩૦ વર્ષ
લાયકાત : એસ.એસ.સી. પાસ / નાપાસ
ઉમેદવારે તા. ૨૯-૧૦-૨૦૧૨ના રોજ નીચેના સરનામે રૂબરૂ મળવું.
કોસમોસ મેનપાવર પ્રા. લી.
પ્લોટ નં. બી-૧૮૩/૧૮૪, સેક્ટર-૨૫, મધુર ડેરીની બાજુમાં, ગાંધીનગર
ફોન : ૨૩૨-૮૮૮૩૩/૮૮૮૫૫
મોબાઈલ : ૯૭૯૯૮૮૮૪૭૯

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ


સ્વ. હિમાંશુ જસવંતરાય મહેતા
સ્વ. તા. ૨૮-૧૦-૨૦૧૧
સુખ દુઃખમાં સદાય હસતો તમારો ચહેરો આંખો હજી નિહાળે છે. અંતર હજી પોકારે છે. તમને સ્મરણ થાય છે. ત્યારે મન મુકીને રડાવે છે. અમને કલ્પી ના શકાય તેવી અણધારી વસમી વિદાય સ્મૃતિ પટ પરથી ક્યારેય ભૂલાશે નહીં. આપનો લાગણીશીલ, ઉદાર અને પરગજુ સ્વભાવ અમારી પ્રેરણા બની રહે. શ્રદ્ધાંજલિ આપતા પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે અને આપના અધુરા કાર્યો પુરા કરવાની અમને શક્તિ આપે.
લિ.
મહેન્દ્રરાય વી. મહેતા
ચંપાબેન જસવંતરાય મહેતા — હિતેષ જે. મહેતા
અમીતા હિમાંશુ મહેતા — અમીત જે. મહેતા
ક્ષમા હિમાંશુ મહેતા — સ્વેતિક હિમાંશુ મહેતા
તેમજ સમસ્ત મહેતા તેમજ નાગર પરિવાર

દિવાળી પ્રવાસો
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - એસ્સેલવર્લ્ડ
દિ-૮, P.P. 8500/-
ઉ.તા. ૯, ૧૨, ૧૪, ૧૭, ૨૦/૧૧/૨૦૧૨
કુલ્લુ-મનાલી-શિમલા અમૃતસર-દિલ્હી
દિ-૧૨, P.P. 13000/-
ઉ.તા. ૧૮/૧૧/૨૦૧૨
૨x૨ બસ, ડિલક્ષ હોટેલ ગુજરાતી/જૈન ભોજન
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. : ૯૧૭૩૫૧૭૭૩૮

2 X 2 બસ પ્રવાસો AC(Non AC)
- શિમલા - કુલુ - મનાલી - ડેલહાઉસી
- સ્પે.કાશ્મીર - વૈષ્ણોદેવી.
- સ્પે.ગોવા - મહાબળેશ્વર - લોનાવાલા
- પંચમઢી - કાન્હા - જબલપુર
- જોધપુર - જેસલમેર - બિકાનેર (દિ-6)
- કેરાલા - મુન્નાર - થેકડી
- સ્પે.સૌરાષ્ટ્ર દર્શન (દિ-6)
- નાશિક-શિરડી-શનિદેવ (દિ-3 / 6)
શિવગંગા ટ્રાવેલ્સ
૧૦૨/૧ એન્જલ કો, સ્ટેડીયમ, અ.વાદ.
7600855073 - 9824163577

27th exhibition ALL PLOTS STOP ONE
TODAY IS LAST DAY
11.00a.m to 9.00 p.m
GICEA Nirman Bhavan, Law Garden, Ahmedabad
GICEA ESTD - 1947 exclusive for plotted development schemes
NIRMAN 2012 26-28 OCTOBER 2012 - AHMEDABAD EXHIBITION

GSPC Gujarat State Petroleum Corporation Limited
USED VEHICLE FOR SALE
Maruti Suzuki SX4 (Petrol / CNG) 2007 Model
Interested parties may inspect the above vehicle at the parking of GSPC Bhavan, Sector-11, Gandhinagar and send their offer for purchase above vehicle in a sealed cover along with Earnest Money Deposit of Rs. 5000/- by demand draft to the following address on or before 17:00 hrs. on 05-11-2012. Bidders are requested to mention "Offer for Purchase of Vehicle" on the top of Sealed Cover for identification.
The Corporation reserves its right to reject any or all the offers without assigning any reason.
Executive Director (Fin. & Admin)
Gujarat State Petroleum Corporation Ltd.
3rd Floor, GSPC Bhavan, B/h Udhyog Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat. India. Tel: +91-79-66701001/1634/1533 | Fax: +91-79-23236375
Website : www.gspcgroup.com

અભૂતપૂર્વ, અદ્વિતીય, અવિસ્મરનીય હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન
ભારત ઉત્સવ-2012
પ્રદર્શન અને વેચાણ
Opening from 20th October-2012
Time: 11:00 am. To 10:00 pm.
સેક્ટર-૬/ડી, પોલિસ સ્ટેશન સામે, અપના બજાર પાસે, ગાંધીનગર.
પાર્કીંગ મફત Entry Ticket ₹ 5/-
Organized by : Shri Adarsh Mahila Audhyogik Sahakari Mandli Ltd.

મોનસુન ધમાકા
જયપાન ગેસ ગીઝર
ગેસ ગીઝરમાં સૌથી જૂનુ અને જાણીતું નામ
- ૧ મીનીટમાં ૬ લીટર ગરમ પાણી
- હેવી હીટ એક્સેન્જર
- ૨૦ મીનીટ ઓટોકટ ઓફ
- ઓવર હીટ કટ ઓફ
- ચાઈલ્ડ લોક
- ઈન્સ્ટોલેશન ફ્રી
- સ્ટોક હશે ત્યાં સુધી જ
- ૧ વર્ષની સર્વિસ વોરંટી
MILTON ૧ લીટર બોટલ ₹.960 ફ્રી
વિમલ ટ્રેડિંગ કું
બી-૧૦, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, ચર્ચની પાછળ, સે.૨૧, ફોન નં. 23224547
જી-૩૪-૩૫, સુપર મોલ-૧, SBIની નજીક, ઈન્ફોસીટી, ફોન નં. 23213080

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩
સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

MILTON દિવાળી ધામાકા cello
થર્મોવેર એક્સચેન્જ ઓફર
જૂના વોટર જગ / બેગ, ફલાસ્ક, કેસરોલ, ટીફીન આપી અને મેળવો 30%ની છૂટ
ઓફર 'એક સામે એક'ના ધોરણે અને સ્ટોક હશે ત્યાં સુધી જ
વિમલ ટ્રેડિંગ કું
બી-૧૦, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, ચર્ચની પાછળ, સે.૨૧, ફોન નં. 23224547
જી-૩૪-૩૫, સુપર મોલ-૧, SBIની નજીક, ઈન્ફોસીટી, ફોન નં. 23213080